દાદા ભગવાન પરિવારનું

ઓક્ટોબર ૨૦૨૦

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



અક્રમ એક્સપ્રેસ

# ચીટીંગ

## સંપાદકીય

ચીટીંગ કરવામાં શું વાંધો છે? જીતવા માટે થોડી ચીટીંગ તો કરવી જ પડે ને! શું આ વાત સાચી છે ?

શું ચીટીંગ કરીને જીતે એને ખરો ચેમ્પિયન કહેવાય?

અનુજાએ ચીટીંગ કર્યાની કબૂલાત કરી તો એનું શું પરિણામ આવ્યું?

જ્ઞાનીઓ કોના પર રાજી રહેતા હશે?

આ બધા જ પ્રશ્નોના જવાબ મેળવવા આ અંક ખાસ વાંચો. અને છેલ્લે આપણે પોતે જ નક્કી કરીએ કે ચીટીંગ કરવામાં ફાયદો વધારે છે કે નુકશાન?

– ડીમ્પલ મહેતા

Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.

© 2020, Dada Bhagwan Foundation
All Rights Reserved

વર્ષ : ૧૩, અંક : ૨
સળંગ અંક : ૧૪૬
ઓક્ટોબર ૨૦૨૦

સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org


લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# મીઠી યાદેં


૧૯૯૬માં હ્યુસ્ટન, ટેક્સાસમાં ગુરુ-પૂર્ણિમા હતી. ગુરુપૂર્ણિમાના દિવસે દર્શન કર્યા પછી, મેં નીરુમાને કહ્યું, "નીરુમા, ઘરમાં મમ્મીનો કાયદો છે કે દિવસમાં ફકત બે જ બિસ્કિટ ખવાય, વધારે ના ખવાય. પણ મને ગળી વસ્તુ બહુ ભાવે છે. એટલે મમ્મી જ્યારે કિચનમાં ના હોય ત્યારે હું એક-બે વધારે બિસ્કિટ ખાઈ લઉં. મને ખબર છે કે આ હું જે કરું છું એ કપટ કહેવાય. મને આમાંથી બહાર નીકળવું છે."

મેં નીરુમાને આટલી વાત કરી અને એમનો ચહેરો એકદમ ચમકી ઊઠ્યો. શી વોઝ વેરી હેપ્પી ! એમણે મને એક મોટી સ્માઈલ આપી અને વહાલથી ગળે લગાવી. નીરુમાનું આવું રીએક્શન જોઈને મને આશ્ચર્ય થયું. મેં તો કપટ કર્યું હતું, છતાંય નીરુમા ખુશ થયા.

આજે મને સમજાય છે કે નીરુમાએ મને ગળે કેમ લગાવી ! જ્યારે આપણે પોતાની ભૂલોમાંથી બહાર નીકળવાની તૈયારી બતાવીએ ત્યારે નીરુમા હંમેશા રાજી જ થાય.



# દાદાજી કહે છે...



## હું બધા સાથે રમવામાં ચીટિંગ કેમ કરું છું ?

- જીતવાની લાલચ ચીટિંગ કરાવે છે.
- લાલચ સામાનો વિશ્વાસ તોડાવે છે.

## વિશ્વાસ તોડવો એટલે ?

- દા.ત. કોઈએ આપણને ૨૫૦૦૦ રૂપિયા આપ્યા હોય. આપણે પાછા આપવાના હોય.
- પછી લાલચ ઊભી થાય કે એ તો કરોડપતિ છે, એને નહીં આપીએ તો શું ફરક પડે છે ?
- આ આપણે વિશ્વાસ તોડ્યો એનો.




## સામાનો વિશ્વાસ તોડીએ તો શું થાય ?

- એક વખત તોડીએ, બીજી વખત તોડીએ, પછી ફરી પૈસા માંગવા જઈએને તો એ ના આપે. કહે, જવા દો અને આ તો જુઠા છે.
- આ પૈસાની લાલચ ભાન ભુલાવી દે છે.
- એમ જીતવાની લાલચ ઊભી થાય એટલે એમ થાય કે આટલી ચીટિંગ કરી લઈશું. કોઈને ખબર નહીં પડે.
- એટલે પછી વિશ્વાસઘાત કરી નાખ્યો.
- હવે, એ માણસને આપણી કિંમત ઉડી જાય કે આની સાથે બીજી વખત રમાય નહીં. ભરોસાવાળા વ્યક્તિ નથી આ.

## ચીટિંગના પ્રતિક્રમણ કેવી રીતે કરવાના ?

- ખબર પડે ત્યારે માફી માંગી આવવાની કે હું માફી માંગુ છું. હવે ફરીથી ગોટાળા નહીં કરું.
- ગોટાળા ના કરો તો પાછો વિશ્વાસ ગેઈન થતો જાય.
- તુ રમવાના નિયમમાં રહીને રમે તો ભરોસો જળવાઈ રહે. સામો બીજીવાર તારી સાથે રમે પણ ખરો.



# આ તો નવી જ વાત!

01

આપણા મોહ પૂરા કરવા ફ્રેન્ડ સાથે વિશ્વાસઘાત કરી લઈએ છીએ. એનો દંડ ફ્રેન્ડ નહીં આપે, કુદરત જ આપશે.



02



2

વિશ્વાસઘાત કરીએ એટલે માણસની કિંમત ઝીરો થઈ જાય. ઝીરો એટલે એના પરથી વિશ્વાસ ઊઠી જાય.





જગત આપણો પડઘો છે. આપણું કરેલું આપણને જ પાછું આવશે. આજે હું બીજાની નિંદા કરું તો નિંદ્યે થઈને ઊભો રહીશ.હું બીજાને ત્રાસ આપીશ તો મને ત્રાસ આવશે. હું બીજાને છેતરીશ તો હું જ છેતરાઈશ કોક દહાડો. હું કોકના ઘરમાં પૈસાની ચોરી કરીશ તો મારા ઘરમાં પૈસાની ચોરી થશે. જરાક ગુનો થયો કે કુદરતના રીએક્શનમાં દંડ આવી જ જાય છે. કોઈએ આપવા આવવાની જરૂર નથી.

03

# A+ ગ્રેડ

આખા હોલમાં સન્નાટો છવાયેલો હતો. ફક્ત ઘડિયાળનું ટીક-ટોક, ટીક-ટોક સંભળાઈ રહ્યું હતું. બધાની નજર મંચ પર બેઠેલી અનુજા પર હતી. ચાલીસ સેકન્ડની વાર હતી. અનુજાના ધબકારા એવી વધી ગયા કે એને એમ લાગ્યું કે જાણે હમણાં એનું દિલ ઊછળીને બહાર આવી જશે.

"ટાઈમ-અપ" જજે કહ્યું અને અનુજાની આંખોમાંથી આંસુ સરી પડ્યા.

આખા હોલમાં કોલાહલ મચી ગયું. "સાયન્સમાં 'A+ ગ્રેડ' લાવનારી અનુજાને આટલો ઈઝી આન્સર ના આવડ્યો ! વ્હોટ એ શેમ ! આ છોકરીએ તો આપણી સ્કૂલનું નાક કપાવ્યું." અનુજા મંચ પરથી નીચે ઊતરી અને એને ગુસપુસ સંભળાઈ, "આવી પ્રેસ્ટિજીયસ કોમ્પીટીશનમાં અનુજાને સિલેક્ટ જ નહોતી કરવાની."



અનુજાએ ભારે શરમિંદગી અનુભવી. "મેં આવું કેમ કર્યું ? કેમ ? કેમ ? કેમ ?, પ્લીઝ મને અદ્રશ્ય કરી નાખો."

અનુજાના આ શબ્દ નીકળ્યા, ત્યાં તો એના ભાઈએ મોટીથી કહ્યું, "હું ઈચ્છું છું કે તારું સપનું સાચું પડે."

અનુજા ઝબકીને ઊઠી. ઘડિયાળ સામે જોયું તો સાત વાગી ગયા હતા. એણે એક ઊંડો નિસાસો નાખ્યો અને ધીમેથી બબડી, "થેંક ગોડ કે આ સપનું હતું."

સ્કુલે જવા માટે એ ફટાફટ તૈયાર થઈ. પણ દરરોજની જેમ ક્લાસરૂમમાં દાખલ થતા એના પગ ફરી ભારે થઈ ગયા.

વાત એમ હતી કે દસ દિવસ પહેલા સાયન્સ ટેસ્ટ હતી. ટેસ્ટના આગલા દિવસે અનુજાને ખૂબ ગભરામણ થઈ. ભણવાને બદલે ડરમાં એનો સમય પસાર થઈ ગયો. આખરે થોડી 'હેલ્પ' લઈને ટેસ્ટમાં સારા માર્ક્સ લાવવાનું એણે નક્કી કર્યું. એણે પોતાના ચશ્માના કવરમાં થોડી ફોર્મ્યુલા લખી લીધી હતી.

ટેસ્ટ વખતે ચશ્માં લેવા કે મૂકવાના બહાને કવર ખોલીને એણે ફોર્મ્યુલાસ જોઈ લેતી હતી.
ટેસ્ટમાં તો અનુજાને 'A+' ગ્રેડ આવી ગયો. પણ એક ચીટર બનીને ટેસ્ટમાં સારા માર્ક્સ લાવવાનું ગીલ્ટ એના મનમાં ગરકી ગયું.

"સારા માર્ક્સની લાલચમાં આ મેં શું કરી નાખ્યું." એને પોતાના કર્યા પર ભયંકર અફસોસ થયો.

આ જ કારણ હતું કે ક્લાસરૂમમાં પગ મૂકતા જ એને સંકોચ થતો. દર ત્રીજા દિવસે એને કંઈક એવું સ્વપ્ન આવતું જેમાં બધાનો વિશ્વાસ એના પરથી ઊઠી ગયો હોય. ભણવામાં પણ એની એકાગ્રતા તૂટી ગઈ હતી.

આખરે એક દિવસ અનુજાએ હિંમત ભેગી કરી. સ્કુલ પછી એ સાયન્સ ટીચર નિર્મલા મેડમને મળવા સ્ટાફ રૂમમાં ગઈ. મેડમ સામે એણે પોતે કરેલી ચીટિંગની કબૂલાત કરી. અનુજાને હતું કે મેડમ ખૂબ ગુસ્સે થશે. પણ, મેડમે તો શાંતિથી અનુજાની વાત સાંભળી અને દસ પોઈન્ટની પેનલ્ટી સાથે ફરી ટેસ્ટ આપવા કહ્યું.

અનુજાના મનનો ભાર હલકો થઈ ગયો. એક 'ચીટર' હોવાનો અહેસાસ તો એના મનમાંથી ભૂંસાયો નહોતો. પણ એ વાતની ખુશી હતી કે એણે પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી.

દિવસો વીતવા લાગ્યા. ફરી, એક મોટી ટેસ્ટ આવી રહી હતી. અનુજાએ ખૂબ દિલથી ટેસ્ટ માટે મહેનત કરી. આ વખતે પોતાની મહેનતથી એણે 'A+' ગ્રેડ કમાવવો હતો, ચીટીંગ કરીને નહીં.

ટેસ્ટનો દિવસ હતો. બધાને ટેસ્ટ પેપર્સ આપવામાં આવ્યા. ટેસ્ટ પેપરના અઘરા સવાલો જોઈને અનુજાને સહેજ બીક લાગી. એક નાનકડી પ્રેયર બોલીને એ જવાબો લખવા લાગી.

અચાનક એને નિર્મલા મેડમનો અવાજ સંભળાયો. "અનુજા"

એક પળ માટે એના હૃદયના ધબકારા થંભી ગયા. એણે ઉપર જોયું. મેડમે ઈશારો કરીને એને પોતાની પાસે બોલાવી. અનુજા શરમથી લાલ થઈ ગઈ. એને થયું, "મારા જેવી ચીટર આને જ લાયક છે ને!"

"અનુજા," મેડમ બોલ્યા. અનુજાને થયું કે મેડમ એને ફરી ચીટીંગના કરવા માટે ટકોર કરશે. અથવા તો એમની પાસે બેસીને ટેસ્ટ લખાવશે.



પણ મેડમે તો કહ્યું, "હું મારી

સાયન્સ ટેકસ્ટ બુક સ્ટાફ રૂમમાં ભૂલી ગઈ છું. અત્યારે તો હું ક્લાસની બહાર નહીં નીકળી શકું. તું ફટાફટ દોડીને લઈ આવીશ ?" હું તને ટેસ્ટ ફીનીશ કરવા થોડો એકસ્ટ્રા ટાઈમ આપીશ.

અનુજાને પોતાના કાન પર વિશ્વાસ ના બેઠો. થોડી જ ક્ષણોમાં તો ઘણાં બધા પ્રશ્ન એના મનમાં ઊઠ્યા. "ટેકસ્ટ બુક લઈ આવું ? હું ? મેડમને શું ખબર નથી કે ટેસ્ટના બધા જ આન્સર્સ બુકમાં હશે !"

"મેડમ, આર યુ શ્યોર, બુક હું લઈ આવું ?" અનુજાએ ફરી ખાતરી કરી.

"હા, બેટા ખાસ તું જ લઈ આવ. જેને હું ટ્રસ્ટ કરી શકું, એને જ તો આ કામ સોંપું ને !" મેડમે કહ્યું.

"બટ મેડમ," અનુજા ધીમા અવાજે બોલી, "તમને યાદ નથી કે મેં..."

જાણે મેડમે અનુજાના વિચાર વાંચી લીધા હોય એમ ધીમા અવાજે સ્માઈલ સાથે કહ્યું, "મને બધું જ યાદ છે. ખાસ કરીને એ વાત યાદ છે કે તને તારી ભૂલનો કેટલો બધો અફસોસ હતો. અને એ પણ યાદ છે કે કેટલી હિંમતપૂર્વક તેં તારી ભૂલ સ્વીકારી હતી. અને એટલે જ મને વિશ્વાસ છે કે હવે ફરી તું ચીટિંગ ક્યારેય નહીં કરે."

"થેન્ક યુ મેડમ. તમારો વિશ્વાસ ક્યારેય નહીં તૂટવા દઉં. દોડીને જવું અને ભાગીને પાછી આવું બુક લઈને," કહી અનુજા સ્ટાફરૂમ તરફ દોડી.

મેડમને બુક આપીને અનુજા જ્યારે પોતાની જગ્યા પર પાછી ફરી ત્યારે એને કંઈક ઓર જ પ્રકારની હળવાશ અનુભવાઈ. ટેસ્ટના સવાલો તો હજીય અઘરા જ હતા, પણ અનુજાનો ડર ગાયબ થઈ ગયો હતો.



તે દિવસે ટીચરનો વિશ્વાસ જીતીને એણે સાયન્સ કરતા પણ વધુ અઘરી ટેસ્ટ 'A+' ગ્રેડથી પાસ કરી લીધી હતી.

નીચે આપેલી વાર્તાના સીન થોડા આડા અવળા થઈ ગયા છે. તો ચાલો, સીનને કરેક્ટ ઓર્ડરમાં ગોઠવી કાઢીએ અને વાર્તાની મજા માણીએ.
હિન્ટ : કરેક્ટ ઓર્ડરનો પહેલો સીન છે નં : ૪

# મારો સાચો ક્રમ શું ?



એક દિવસ વેપારીને થયું, "લાવ, વજન કરીને જોઉં. આ ખેડૂત મને પા કિલો માખણ બરાબર જોખીને આપ્યું છે કે નહીં ?" વેપારીએ વજન કર્યું ત્યારે ખબર પડી કે માખણનું વજન પા કિલો કરતા ઓછું હતું. વેપારીને ગુસ્સો આવ્યો. એ ખેડૂતને ગામના ન્યાયાધીશ પાસે લઈ ગયો.



ન્યાયાધીશે ખેડૂતને પૂછ્યું, "ભાઈ, તું વજન કરવા માટે કયું માપ વાપરે છે ?" ખેડૂત બોલ્યો, "સાહેબ, હું તો સાવ અણઘડ છું. મારી પાસે કોઈ વજન કરવાનું માપ નથી. હા, પણ એક ત્રાજવું છે."



ખેડૂતે જવાબ આપ્યો, "સાહેબ, વેપારી મારી પાસે પા કિલો માખણ ખરીદતો અને હું એની પાસેથી પા કિલો ઘઉં ખરીદતો. વેપારી પાસે પા કિલો ઘઉં ખરીદીને લાવું પછી એ ઘઉં મારા ત્રાજવા પર મૂકીને એટલું જ માખણ જોખીને એને મોકલાવું. બોલો સાહેબ, આમાં મારી શું ભૂલ છે ?"



ન્યાયધીશે ખેડૂતને પૂછ્યું, "તો પછી તું માખણનું વજન કેવી રીતે કરે છે ?"



એક નાનકડા ગામમાં રહેતો ખેડૂત હંમેશા એક વેપારીને પા કિલો માખણ વેંચતો.



જજે વેપારીને કહ્યું, "ભાઈ, જગત આપણો પડઘો છે. આપણું કરેલું આપણને જ પાછું આવશે. હું બીજાને છેતરીશ તો હું જ કોઈક દહાડો છેતરાઈશ. તું ખેડૂતને છેતરવા ગયો અને અંતે તુ જ છેતરાયો."

# My Creation





ન્યુઝ પેપરને વચ્ચેથી કટ કરી લેવું.




તેને ગોળ-ગોળવાળી ફીટ ભૂંગળી જેવું બનાવવું. અને લાસ્ટમાં ફેવિકોલ લગાડવું. આવી રીતે બે ડાંડિયા બનાવવા.



હવે ન્યૂઝ પેપરના ડાંડિયાને ઈમેજમાં દર્શાવ્યા પ્રમાણે તમને ગમતા કલરફૂલ પેપર વારાફરીથી ચોંટાડવા.



કલર પેપરથી ડાંડિયા પર રેપ થઈ જાય પછી ઈમેજમાં આપ્યું છે તે પ્રમાણે લેસ લગાડવી.




**ચાલો રમીએ ના જવાબ :**


1  2. AR૬

**મારો સાચો ક્રમ શું ના જવાબ :**

૪. ૧. ૩. ૨. ૫. ૬


ખરો ચેમ્પિયન
રેંગ-ટેંગ, તને આખા વર્લ્ડમાં સૌથી વધારે શું ગમે ?
સિમ્પલ..ટુ વિન. આઈ લવ વિનિંગ એવરીથીંગ.
જંગલની કોઈપણ ગેમ હોય કે કોઈની પણ સાથે હોય, રેંગ-ટેંગ વોઝ ઓલ્વેઝ ધ વિનર.
યે...
હારવું રેંગ-ટેંગને એટલું બધું ના પસંદ હતું કે જીતવા માટે એ ચીટિંગ કરતો. કોઈને ખબર ના પડે એવી ટ્રિક્સ કરી એ બધી જ ગેમ્સ જીતી લેતો.
એક દિવસ રેંગ-ટેંગ એલીફન્ટ અને જીરાફને વાતો કરતા સાંભળ્યા.
મોટું, મેં એક નવો ફ્રેન્ડ બનાવ્યો. પુઝી, ધ ચિમ્પાન્ઝી. એ બહુ જ સ્ટ્રોંગ અને સ્માર્ટ છે. આઈ થીંક એ ગેમ્સમાં રેંગ-ટેંગને પણ હરાવી શકે.
રેંગ-ટેંગે ગુસ્સામાં ઝાડ પરથી નીચે કુદકો માર્યો.
ઓહ ! રીયલી ?!! તો બોલાવ તારા પુઝીને. હો જાયે કોમ્પીટીશન !


મેંગવેસ્ટની કોમ્પીટીશન યોજવામાં આવી. પાંચ મિનિટમાં જે સૌથી વધારે મેંગોસ તોડે એ વિનર બને.
કોમ્પીટીશનના દિવસે પુઝી એકદમ બીઝી હતો. બધા સાથે હસી મજાક કરી રહ્યો હતો. અને બીજી બાજુ રેંગ-ટેંગ જબરજસ્ત સીરીયસ હતો.
ટીગી, ટાઈગરે વ્હીસલ વગાડી અને કોમ્પીટીશન શરૂ થઈ. ખૂબ જ રસાકસી વાળી કોમ્પીટીશન હતી. રેંગ-ટેંગ અને પુઝીએ લગભગ સરખી જ મેંગોસ ભેગી કરી હતી.
દર વખતની જેમ એન્ડ ટાઈમ પર ચીટિંગ કરીને રેંગ-ટેંગે કોમ્પીટીશન જીતી લીધી.
ગુડ ગેં રેંગ-ટેંગ ! વી વિલ પ્લે અગેન.


રેંગ-ટેંગ સહુને હરાવી દેતો. એટલે જંગલનું કોઈપણ એનીમલ રેંગ-ટેંગ સાથે રમવા તૈયાર નહોતું. અને પુઝીએ તો રેંગ-ટેંગ સાથે ફરી રમવાની તૈયારી બતાવી.
પુઝી તો હારીને પણ કેટલો હેપ્પી દેખાય છે. એને હારવાનું દુઃખ નહીં થયું હોય ? તે દિવસે પહેલી વાર રેંગ-ટેંગને પોતાની જીતની ખુશી નહોતી થઈ.
અને બસ, તે દિવસથી પુઝી રોજ રેંગ-ટેંગ સાથે રમતો અને રેંગ-ટેંગ રોજ એને નવી નવી ટ્રીક્સ વાપરીને હરાવી દેતો.
રેંગ-ટેંગ હવે પુઝી સાથે રમીને પણ બોર થઈ ગયો. એટલે એણે ધ નેશનલ જંગલ ટુર્નામેન્ટમાં ભાગ લીધો. આખા દેશના બેસ્ટ જંગલ એનીમલ્સ આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા આવ્યા હતા.
રેંગ-ટેંગે ચીટિંગ ટ્રીક્સ વાપરી ગેમ્સ જીતવાની બહુ જ કોશિશ કરી. પણ જજીસે રેંગ-ટેંગની કોઈ ટ્રીક્સ ચાલવા ના દીધી. એ બધી જ ગેમ્સમાંથી આઉટ થઈ ગયો.
રેંગ-ટેંગ સારો પ્લેયર હતો. પણ ચીટિંગ ટ્રીક્સ વગર એ એક પણ ગેમ જીતી ના શક્યો. હારનો સ્વાદ રેંગ-ટેંગ માટે જબરજસ્ત કડવો હતો.



જ્યારે રેંગ-ટેંગ ભારે નિરાશ થઈને બેઠો હતો ત્યારે ટુર્નામેન્ટ ચેમ્પિયનની ઘોષણા થઈ.
એન્ડ ધ વિનર ઓફ ધ ટુર્નામેન્ટ ઈઝ પુઝી ધ ચિમ્પાન્ઝી.
પુઝીએ ટ્રોફી હાથમાં લઈ, રેંગ-ટેંગ સામે સ્માઈલ કરી. હાર-જીતથી પુઝીને બહુ ફેર નહોતો પડતો. પણ, રેંગ-ટેંગ સામેની દરેક હારમાં એ કંઈક નવું ને નવું શીખતો ગયેલો.
અને એ બધી સમજણથી આજે એ રીયલ ચેમ્પિયન બની ગયો હતો.
થેન્કસ રેંગ-ટેંગ. મને તારી પાસેથી બહુ જ શીખવા મળ્યું.
તે દિવસે રેંગ-ટેંગને ચીટિંગ કરીને જીતવા કરતા હારીને શીખવાનું મહત્વ સમજાયું. જ્યારથી રેંગ-ટેંગે ચીટિંગ કરીને બધાને હરાવવાનું છોડ્યું, ત્યારથી જંગલ એનીમલ્સ એની કંપની એન્જોય કરવા લાગ્યા.
રેંગ-ટેંગ, તને આખા વર્લ્ડમાં સૌથી વધારે શું ગમે ?
સિમ્પલ...ટુ વિન. બધાના દિલ જીતવા મને સહુથી વધારે ગમે.

# ચાલો રમીએ...

૧. બધા વિદ્યાર્થીઓને એક-બીજાથી અલગ કરવા માટે સ્કૂલયાર્ડમાં ૨ ચોરસ દોરો.



૨. નીચે આપેલા બધા શબ્દોને પૂર્ણ કરવા માટે એક શબ્દનો ઉપયોગ કરી શકાય છે.

DE _ _ _ ST

C _ _ _ ER

ST _ _ _

P _ _ _ NT

# ઐતિહાસિક ગૌરવગાથા



પાંડવોના વનવાસ સમયની આ વાત છે. કૌરવોથી છુપાઈને તેમને બાર વર્ષ સુધી જંગલમાં રહેવું પડ્યું હતું.

એક વખત તેઓ વેશપલટો કરીને બ્રાહ્મણનો વેશ લઈને એકચક્ર નામના નગરમાં ગયા. ત્યાં એમણે એક ગરીબ બ્રાહ્મણના ઘરમાં આશરો લીધો. તેઓ દિવસ દરમ્યાન શાસ્ત્રનો અભ્યાસ કરતા અને સુર્યાસ્ત બાદ ભિક્ષા માટે જતા જેથી કોઈ એમને ઓળખી ન લે.

એક દિવસ પાંડવોના માતા કુંતીએ એમના યજમાનને રડતા જોયા. કુંતીએ એમને પૂછ્યું, "શાથી આટલા પરેશાન છો?"

યજમાને કહ્યું, "જંગલમાં બકાસુર નામનો એક રાક્ષસ રહે છે. એને દરરોજ એક માણસ, બે પાડા અને ઘણું બધું ખાવાનું જોઈએ છે. બકાસુરના આહાર માટે, એકચક્રના દરેક કુટુંબે વારાફરતી એક જુવાન માણસને મોકલવો પડે છે. આવતીકાલે અમારો વારો છે. અમારા એકમાત્ર દીકરાને મોકલવાનો વિચાર જ અમને કંપાવી દે છે." આમ કહીને બ્રાહ્મણ અને એની પત્ની ચોધાર આંસુએ રડવા લાગ્યા.

કુંતીએ એમને કહ્યું, "કોઈ ચિંતા ન કરો. તમારા દીકરાને બદલે મારો પુત્ર જશે."

યજમાને કહ્યું, "અતિથીને બકાસુર પાસે મોકલવા એ તો બહુ મોટું પાપ ગણાય. અમે એવું પાપ કેવી રીતે કરીએ ?"

પરંતુ કુંતીએ એમને આશ્વાસન આપ્યું કે એનો પુત્ર તો ઘણો જ બળવાન છે. બકાસુર એનો વાળ પણ વાંકો નહીં કરી શકે. ભીમે જ્યારે આ જાણ્યું ત્યારે એ તો ખુશીથી ઝુમી ઊઠ્યો કારણકે કેટલાય સમયથી એણે કોઈ રાક્ષસ સાથે લડાઈ નહોતી કરી. ઉપરાંત એ વાત જાણીને તે અત્યંત ખુશ થઈ ગયો કે એને ખુબ જ ખાવાનું પણ મળવાનું છે.

બીજે દિવસે ભીમ એક ગાડું ભરીને ખાવાનું લઈને જંગલમાં ગયો. તે ઘણો ભૂખ્યો થયો હતો એટલે એણે ખાવાનું શરૂ કરી દીધું. જાતજાતની અને ભાત ભાતની વાનગીઓ હતી. એટલે ભીમ તો બે હાથથી ખાવા લાગ્યો.

બકાસુર ઊંઘતો હતો પણ ખોરાકની સુગંધથી એ જાગી ગયો. એણે જોયું કે એક માણસ આનંદથી એનું બધું ખાવાનું ખાઈ રહ્યો છે. આથી તે એકદમ ગુસ્સે થઈ ગયો.

એણે રાડ પાડી કહ્યું, "એ માણસ ! કોણ છે તું ? હું તને ખાઈ જાઉં એ પહેલાં તું મારું ખાવાનું ખાઈ જાય છે?"

ભીમે તો એની સામે જોયું પણ નહીં અને ખાવાનું ચાલુ જ રાખ્યું. આથી બકાસુર વધારે ગુસ્સે થઈને ભીમ તરફ ધસ્યો.

ભીમે ધરાઈને ખાઈ લીધું હતું એટલે એણે બળપૂર્વક બકાસુરને એક મુક્કો માર્યો. બકાસુર દૂર સુધી ફંગોળાઈને એક ઝાડ પર પડ્યો. એ ઝાડ ઉખેડીને ભીમ તરફ દોડ્યો. પરંતુ ભીમે ફક્ત એક હાથથી જ એને રોકી લીધો અને જોરથી લાત મારી. પછી ભીમે ઝાડ ઉખેડીને એને જોરથી ફટકાર્યું. આમ બંને વચ્ચે જોરદાર લડાઈ જામી. બકાસુરે ક્યારેય આવા બળવાન માણસ સાથે લડાઈ નહોતી કરી એટલે એ તો સાવ ઢીલો પડી ગયો. પરંતુ ભીમ જરાય થાક્યો નહીં. છેવટે ભીમે આ લડાઈ પૂરી કરવા નક્કી કર્યું. ભીમે ઢીંગલાની જેમ બકાસુરને હવામાં ઊંચે ફંગોળ્યો. બકાસુર જમીન પર પડ્યો અને એના શરીરના બધા જ હાડકાં ભાંગીને ભુક્કો થઈ ગયા. એ મૃત્યુ પામ્યો. ભીમે જોરથી ગર્જના કરી. આ સાથે જ બીજા બધા રાક્ષસો જંગલ છોડીને ભાગી ગયા.

એકચક્ર નગર બકાસુરના ત્રાસમાંથી મુક્ત થયું. લોકોએ એમને મળેલી મુક્તિની ઊજવણી કરી. ભીમ બધાનો માનીતો બની ગયો. લોકો પાંડવોને પોતાના ઘરે ભોજન લેવા આમંત્રણ આપવા લાગ્યા.

પાંડવો તો કૌરવોથી છુપાઈને વનવાસ ભોગવી રહ્યા હતા. કૌરવોને શંકા જઈ શકે કે આટલા બહાદુર બ્રાહ્મણ તો પાંડવો જ હોઈ શકે. એટલે પાંડવો માટે હવે એ ગામમાં રહેવું સલામત નહોતું. આથી તેઓ ગામવાસીઓની રજા લઈને પાછા પરિભ્રમણ કરવા લાગ્યા.

ભીમ બકાસુરની આ મજાકભરી વાર્તા આપણને ફરજ વિશે ઘણું સમજાવી જાય છે. બ્રાહ્મણ કુટુંબને ખ્યાલ હતો કે વેશપલટો કરીને પાંડવો જ આશરો માંગવા આવ્યા છે. મુશ્કેલીમાં હોવા છતાંય, પોતાની ફરજ સમજીને એમણે પાંડવોને આશરો આપ્યો. પાંડવો ક્ષત્રિય યોદ્ધા હતા. ઓળખાઈ જવાનું જોખમ હોવા છતાંય એમણે એમના યજમાનને અને એકચક્રના લોકોને રક્ષણ આપ્યું અને એમની ફરજનું પાલન કર્યું. તો મિત્રો, આપણે પણ આપણી ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન કરીશું ને ?

Akram Express

October 2020
Year : 13, Issue : 2
Conti. Issue No.: 146

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. G-GNR-345/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post Office
on 08th of every month

# તમે બનાવેલ ટીચર્સ માટેની special Gift ના photos




જેવલ સોલંકી, જેવીકા સોલંકી




પૂર્ણતા કટકીયા

અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧.આપનું લવાજમ પૂરું ક્યારે થાય છે, તે કઈ રીતે જાણશો ? આપના આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના એડ્રેસ લેબલ પરના મેમ્બરશીપ નંબરના છેલ્લા છ અંક તપાસો. દા.ત. **AGIT**૫૫૫/૦૮-૨૦૨૮ એટલે તમારું લવાજમ ઓગષ્ટ - ૨૦૨૮માં પૂરું થાય છે.

અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨.જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો **SMS** કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા **ID No.**, ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.